ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



## તારા વિના શ્યામ મને એકલડું લાગે, ગરબે ઘૂમું ને મા તારી યાદ આવે










### દબાણકારોને સાત દિવસનું ગ્રામ પંચાયત દ્વારા અલ્ટિમેટમ અપાયું

## કાલોલ તાલુકાના અડાદરા ગામે દબાણકારોને ગ્રામ પંચાયત દ્વારા નોટિસો અપાતા ફફડાટ

(પ્રતિનિધિ) કાલોલ તા.17

કાલોલ તાલુકાના અડાદરા ગામે રસ્તા પૈકીના દબાણો તેમજ ટ્રાફિકની સમસ્યાને કારણે ગામના નાગરિકોને પડતી મુશ્કેલીઓને લઈ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ દ્વારા સરકારી જમીન ઉપર કરવામાં આવેલા રસ્તા પૈકીના દબાણોની માપણી કરવામાં આવી અને દબાણ કર્તાઓને માપણી અધિકારી દ્વારા રેડ લાઈન કરી આપવામાં આવી ત્યાર બાદ ગ્રામ પંચાયત દ્વારા નોટિસો આપવામાં આવી જેમાં 97 દબાણો માલિકીની જમીન ઉપર કરવામાં આવેલા છે જ્યારે 35 દબાણો સરકારી જમીનો ઉપર ગેર કાયદેસર કરવામાં આવેલ છે જેમાં ગ્રામ પંચાયત દ્વારા દબાણકર્તાઓને નોટિસો ફટકારવામાં આવી છે અને દિન 7 માં આ દબાણ ખુલ્લું કરવાની નોટિસથી જાણ કરવામાં આવી છે હવે દબાણદારો દ્વારા દબાણ સ્વૈચ્છિક દૂર કરવામાં આવશે કે પછી ગ્રામ પંચાયત દ્વારા દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરશે તે આવનારો સમય બતાવશે



### ગોધરા ખાતે આરાધના ગરબા મહોત્સવ ૨૦૨૬

## સિંધી સમાજના અગ્રણીઓએ જગદંબાની મહાઆરતી કરી ધન્યતાનો અનુભવ કર્યો

(પ્રતિનિધિ) કાલોલ તા.17

આદ્યશક્તિની ભક્તિ અને આરાધનાના પાવન પર્વ નવરાત્રી નિમિત્તે ગોધરા ખાતે આયોજિત આરાધના ગરબા મહોત્સવ ૨૦૨૬માં સામાજિક એકતા અને ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. આજ રોજ આ મહોત્સવમાં અખિલ ભારત લાડી લુહાણા સિંધી પંચાયતના પ્રમુખ રૂપચંદ સેવકાણી, ગોધરા દક્ષિણ પ્રાંતના પ્રમુખ અશોકભાઈ લાલવાણી, ગોધરા સિંધી સમાજના પ્રમુખ મુરલીધર મૂલચદાંની, બ્રહ્મ સમાજના પ્રમુખ કમલેશભાઈ શર્મા, સ્વામી લીલાશાહ આશ્રમના પ્રમુખ દિનેશ સેવાણી, નગરપાલિકાના સભ્ય જીતુભાઈ સાવલાણી તથા ચેતનદાસ સામિયાણી (પપીભાઈ) સહિત સિંધી સમાજ અને વિવિધ સમાજના હોદ્દેદારો તથા મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહાનુભાવોએ આદ્યશક્તિ મા જગદંબાની ભવ્ય મહાઆરતીમાં સહભાગી થઈ દર્શન-અર્ચન કર્યા હતાં તેમજ માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે અખિલ ભારત લાડી લુહાણા સિંધી પંચાયતના પ્રમુખ અને સમગ્ર સિંધી સમાજના અગ્રણીઓએ માતાજી સર્વેના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને અખંડ શક્તિનો સંચાર કરે તેવી મંગલ કામના કરી હતી.




### નવાગામને મળ્યું આરોગ્યનું કવચ

## નવાગામ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) દાહોદ તા.17

દાહોદ જિલ્લાના નવાગામ ખાતે ગ્રામજનોને આરોગ્યલક્ષી સેવાઓ ઘરઆંગણે જ મળી રહે તે હેતુથી નૂતન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC)નું ખાતમુહૂર્ત સાંસદશ્રી જસવંતસિંહ ભાભોરના હસ્તે વિધિવત્ રીતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાહોદ જિલ્લા પંચાયતના પ્રમુખ ગમાબેન મોહનિયા, સ્થાનિક ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, તાલુકા પંચાયત પ્રમુખ અનિલભાઈ કિશોરી, નવાગામના તલાટી, ગ્રામ પંચાયતના સભ્યો તેમજ વિસ્તારના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.ઉલ્લેખનીય છે કે, નવાગામ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકોને અત્યાર સુધી સામાન્ય કે ગંભીર બીમારીની સારવાર માટે દૂર સુધી જવું પડતું હતું, જેના કારણે તેમને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. સ્થાનિકોની આ વિનંતી અને મુશ્કેલીને ધ્યાને રાખીને સરકાર દ્વારા નવાગામ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યું છે.આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત થવાથી સ્થાનિક લોકોને ઝડપી, ગુણવત્તાયુક્ત અને સમયસર આરોગ્ય સુવિધાઓ મળી રહેશે.



### પંચમહાલ જિલ્લા

## સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) દાહોદ તા.17

પંચમહાલ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર અજય દહિયાની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરે જન પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલ,વીજ જોડાણ , રોડ રસ્તા, ઔદ્યોગિક એકમોની મંજૂરી,મહેસૂલ વિભાગના પ્રશ્નો ,પુરવઠા વિભાગ,પશુપાલન તથા આરોગ્ય વિભાગને લગતા પ્રજાલક્ષી પ્રશ્નોના નિવારણ અંગે યોગ્ય કાર્યવાહી કરવા તેમજ નાગરિકોને સ્પર્શતા વિવિધ વિષયો અંગેના પ્રશ્નો જેવાં કે પડતર અરજીઓના નિવારણ, આરોગ્યલક્ષી સેવાઓ વધારવા, વિવિધ યોજનાઓના સહાય વિતરણ,તથા અન્ય જરૂરી બાબતો અંગે સકારાત્મક અભિગમથી કામ કરી ઝડપી અને યોગ્ય નિકાલ કરવા સબંધિત અધિકારીઓને માર્ગદર્શક સૂચનો આપ્યા હતા.

### બાળકોના ચહેરા પર અનેરુ સ્મિત છલકાઇ આવ્યું

## સીંગવડ તાલુકાના પાંતા ગામે પાંચ નવા ઓરડાનું ભવ્ય ખાતમુહૂર્ત

(પ્રતિનિધિ) સિંગવડ તા.17

સીંગવડ તાલુકાના પાંતા ગામે આજે શિક્ષણ અને વિકાસનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. પાંતા પ્રાથમિક શાળામાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત મંજૂર થયેલા ૫ નવા ઓરડાઓનું ખાતમુહૂર્ત આજે અત્યંત ઉત્સાહભર્યા વાતાવરણમાં સંપન્ન કરવામાં આવયુ હતું. આ પ્રસંગે દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોનું ભારતીય જનતા પાર્ટી તમામ કાર્યકરો અને મેથાણ જીલ્લા પંચાયત સભ્ય નીવેશભાઈ તાવીયાડ તથા સુડીયા જીલ્લા પાંચયત સભ્ય શ્રીમતી ભુરીબેન બારીઆ તાલુકા પંચાયત ઉપપ્રમુખ નિરાલી બેન બારીયા આજુબાજુ ગામોના સરપંચો તથા કાર્યકરો અને ગ્રામજનો અને શાળા પરિવાર દ્વારા પરંપરાગત રીતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. શાસ્ત્રોક્ત વિધિ અને કુમકુમ તિલક સાથે મંત્રોચ્ચાર વચ્ચે સાંસદ અને ગ્રામ જનો એ ઈંટો મૂકી નવા ભવનનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ કાર્યક્રમમાં ગામના સરપંચ શ્રીમતી મસુરીબેન ભુરસીંગભાઈ ડામોર તથા તલાટી કમ મંત્રી નીલેશકુમાર તાલુકા પંચાયતના સભ્યો આગેવાનો, એસ.એમ.સી (SMC) ના સભ્યો, આચાર્યશ્રી, શિક્ષકગણ અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. બાળકોના ચહેરા પર નવા ઓરડા મળવાની ખુશી સ્પષ્ટ દેખાતી હતી. સમગ્ર કાર્યક્રમ એક ઉત્સવ જેવો બની રહ્યો હતો.



### બલૈયામાં મદદનીશ શિક્ષકનો વય નિવૃત્તિ કાર્યક્રમ યોજાયો

( પ્રતિનિધિ ) સુખસર,તા.17

બલૈયા પગાર કેન્દ્ર પ્રાથમિક શાળામાં મદદનીશ શિક્ષક તરીકે લાંબા સમય સુધી શિક્ષક તરીકે પોતાની અમૂલ્ય સેવાઓ આપી તારીખ 31/10/2026 ના રોજ વય નિવૃત્ત થતા મહેન્દ્રસિંહ અમરસિંહ લવાણાના ઓને સન્માન પત્ર આપી શાળા પરિવાર દ્વારા હર્ષ,ગૌરવ અને આત્મીયતાની લાગણી સાથે ભાવભરી વિદાય આપવામાં આવી હતી. જાણવા મળેલ વિગતો મુજબ મહેન્દ્રસિંહ અમરસિંહ લવાણા નાઓનો જન્મ તારીખ 11/6/ 1968 ના રોજ બલૈયા ગામના અમરસિંહ કલ્યાણસિંહ લવાણા તથા સ્વર્ગસ્થ માતા રાજન બેનના પરિવારમાં થયો હતો.માતા-પિતાના સંસ્કારો અને વારસાને આત્મસાત કરીને મહેન્દ્રસિંહ લવાણાના ઓએ જીવનમાં સાદગી,સેવા ભાવ અને કર્તવ્ય નિષ્ઠાને વિશેષ મહત્વ આપ્યું છે.

### કાલોલની ધી એમ.જી.એસ. હાઇસ્કૂલમાં અનેરો ઉત્સાહ જોવાયો

## નવરાત્રી ગરબા મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ) કાલોલ તા.17

કાલોલ કેળવણી પ્રચારક મંડળ સંચાલિત ધી એમ.જી.એસ. હાઈસ્કૂલ ખાતે શનિવારના રોજ નવરાત્રી મહોત્સવ નિમિત્તે એક દિવસીય ભવ્ય ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે આપણાં ભારતીય તહેવારો, પરંપરાઓ અને સંસ્કૃતિથી માહિતગાર થાય તેવા શુભ હેતુથી શાળા પરિવાર દ્વારા આ સુંદર કાર્યક્રમનું આયોજન કરાયું હતું.ગરબા મહોત્સવની શરૂઆત મા અંબાની આરતી શ્રદ્ધાપૂર્વક કરવામાં આવી હતી. શાળા મંડળ દ્વારા આ પ્રસંગે ભવ્ય મંડપ અને ડી.જે. સાઉન્ડ સિસ્ટમની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉજવણીમાં શાળાના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ તેમજ સમગ્ર શિક્ષક અને બિન-શિક્ષણગણ સ્ટાફ પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને જોડાયા હતા.

### સમાજની એકતાને વધુ મજબૂત કરવાનો સંકલ્પ

## વડોદરામાં વસતા દેલોલ ગામના સુથાર પરિવારનું પ્રથમ સ્નેહ મિલન યોજાયું

(પ્રતિનિધિ) કાલોલ તા.17

મૂળ પંચમહાલ જિલ્લાના દેલોલ ગામના વતની અને હાલ વડોદરા શહેરમાં વસવાટ કરતા સુથાર સમાજના બંધુઓનું એક પ્રથમ ઐતિહાસિક સ્નેહ મિલન અને પરિચય બેઠકનું આયોજન ગત રવિવારે, ૧૧ ઓક્ટોબરના રોજ સાંજે ૬:૦૦ વાગ્યે ગોત્રી ગાર્ડન, વડોદરા ખાતે કરવામાં આવ્યું હતું. વડોદરા શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં વસતા દેલોલ ગામના સુથાર પરિવારના સભ્યો વચ્ચે પરસ્પર પ્રેમ, સ્નેહ અને એકતા વધે તેમજ સામાજિક સંબંધો મજબૂત થાય તેવા શુભ આશયથી આ બેઠક યોજવામાં આવી હતી. આ પ્રથમ પરિચય બેઠકમાં ઉપસ્થિત સૌ સભ્યોએ એકબીજાનો પરિચય મેળવ્યો હતો અને સાથે ચા-નાસ્તો કરી આનંદ વ્યક્ત કર્યો હતો.

આ બેઠકમાં વડોદરામાં વસતા સમગ્ર દેલોલ સુથાર પરિવારને એક તાંતણે બાંધવા અને ભવિષ્યમાં સામાજિક તેમજ કૌટુંબિક કાર્યક્રમો, સ્નેહ મિલન અને રિસોર્ટ ગેટ-ટુગેધર જેવા આયોજનો કરવા અંગે સુંદર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અંતે સૌ સભ્યોએ આગામી દિવસોમાં વધુ મોટી સંખ્યામાં એકઠા થઈ સમાજની એકતાને વધુ મજબૂત કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.



## કાલોલની ધી એમ.જી.એસ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ ઝળક્યા

કાલોલ : શુક્રવારના રોજ શ્રી એમ. આર. હાઈસ્કૂલ, અડાદરા ખાતે તાલુકા કક્ષાના 'કલા મહાકુંભ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કાલોલ કેળવણી પ્રચારક મંડળ સંચાલિત ધી એમ.જી.એસ. શાળાના વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલી સફળતાની વિગતો નીચે મુજબ છે:નિબંધ સ્પર્ધા (પ્રથમ નંબર): પરમાર મોહિત બી. (ધોરણ ૧૨ કોમર્સ) લગ્નગીત સ્પર્ધા (પ્રથમ નંબર): રિયાબેન બી. (ધોરણ ૧૨-A)વકૃત્વ સ્પર્ધા (પ્રથમ નંબર): શાહ ઝીલ ટી. (ધોરણ ૧૨ કોમર્સ)એકપાત્રીય અભિનય (પ્રથમ નંબર): ગોહિલ અંજલી (ધોરણ ૧૨-A)લોકગીત સ્પર્ધા (દ્વિતીય નંબર): પંડિત શિયા (ધોરણ ૧૨ કોમર્સ)ચિત્ર સ્પર્ધા (દ્વિતીય નંબર): દરજી કલ્પ બી. (ધોરણ ૮-A, પ્રાથમિક વિભાગ)તબલા વાદન (તૃતીય નંબર): આયુષ (ધોરણ ૮-A, પ્રાથમિક વિભાગ)ગરબા સ્પર્ધા (તૃતીય નંબર): વાળંદ નીરજા અને ટીમ (ધોરણ ૮-A, પ્રાથમિક વિભાગ)ભજન સ્પર્ધા (તૃતીય નંબર): ગોહિલ કિશન એ. (ધોરણ ૯-A)સુગમ સંગીત સ્પર્ધા (તૃતીય નંબર): ખેર જયવીર વી. (ધોરણ ૯-A)તાલુકા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે.

## કાલોલની ધી એમ.જી.એસ. હાઈસ્કૂલના ૨ વિદ્યાર્થીઓ આર્ચરી (તિરંદાજી)માં ઝળક્યા

કાલોલ : શ્રીજી આશ્રમ શાળા, ઘોઘંબા ખાતે ખેલ મહાકુંભ ૨૦૨૬ અંતર્ગત જિલ્લા કક્ષાની અંડર-૧૪, અંડર-૧૭ અને ઓપન આર્ચરી (તિરંદાજી) સ્પર્ધાનું ભવ્ય આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં પંચમહાલ જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં રમતવીરોએ ભાગ લીધો હતો. સ્પોર્ટ્સ ઑથોરિટી ઓફ ગુજરાત (SAG) દ્વારા ચાલતી 'ઈન-સ્કૂલ' યોજના અંતર્ગત કાલોલ કેળવણી પ્રચારક મંડળ સંચાલિત ધી એમ.જી.એસ. હાઈસ્કૂલ, કાલોલના આર્ચરી રમતવીરોએ પણ આ સ્પર્ધામાં શાળાના આર્ચરી કોચ ભીલ નેવજીભાઈ નારસિંગના કુશળ માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો.

**જાહેર નોટીસ** અરજદારના વ.શ્રી એ.કે.ડામોર

**ઝાલોદના બીજા એડિ. ચીફ જ્યુડિ. મેજિસ્ટ્રેટની કોર્ટમાં મુ.ઝાલોદ**

કેસ. નં. ૪૧૮/૨૦૨૬ તા. ૨૯/૧૦/૨૦૨૬

અરજદાર : ડામોર દિનેશભાઈ કડકિયાભાઈ રહે. મલવાસી, તા. ગુરુગોવિંદ લીમડી, જિ. દાહોદ.
સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, પંચાયત કચેરી, મલવાસી, તા. ગુરુગોવિંદ લીમડી, જિ.દાહોદ

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટિસ થી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્રી ડામોર રોશનીબેન દિનેશભાઈ નો જન્મ તા.૦૮/૦૯/૨૦૦૭ ના રોજ મલવાસી ગામે, તા. ગોવિંદગુરુ લીમડી, જી. દાહોદ મુકામે થયેલ. જે તે સમયે કાયદાની અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમના પુત્રીના જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ. હાલમાં તેઓના પુત્રી ના અભ્યાસ તથા અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા તેઓએ રેકોર્ડ તપાસી તા. ૦૨/૦૯/૨૦૨૬ ના રોજ એવો દાખલો લખી આપેલ કે તેમના પુત્રીનું નામ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી. જેથી જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. ૪૧૮/૨૦૨૬ થી દાખલ કરેલ છે.
સદરહુ જન્મનો દાખલો અરજદારને આપવા સામે જે કોઈ ઈસમો કે લાગતા વળગતાને વાંધો કે તકરાર હોય તો તેઓએ મુદત તારીખ ૨૯/૧૦/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો ચા તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો.
આજ તારીખ ૧૫ ઓક્ટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

હુમકથી

તૈયાર કરનાર (એસ.બી.બામણીયા) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર (એસ.કે.ડામોર) શીરેસ્તેદાર | કોર્ટનો સિક્કો | જી.જી.પટેલ - રજિસ્ટ્રાર એડી.ચીફ.જ્યુડી.મેજી. કોર્ટ, ઝાલોદ